ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 03rd February, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

........................................................................,

ભાવનગર.

**કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા**

## વિક્ટોરિયા પાર્ક ખાતે એક દિવસીય પ્રકૃતિ શિક્ષણ શિબિરનું આયોજન કરી વિશ્વ જળપ્લાવિત દિવસ ની ઉજવણી કરાઈ.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા પ્રેરિત અને કલ્યાણ ફાઉન્ડેશન, ભાવનગર દ્વારા સંચાલિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર જીલ્લામાં ગણિત અને વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ લાવવાના ઉમદા હેતુથી જીલ્લાની શાળાઓ, કોલેજો ઉપરાંત મહિલા મંડળો અને ખેડૂતો માટે વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે. ઉપરાંત વિવિધ વૈજ્ઞાનિક દિવસોની ઉજવણી કરવામાં આવે છે.

૨ ફેબ્રુઆરીને સમગ્ર વિશ્વમાં **"વિશ્વ જળપ્લાવિત દિવસ"** તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષની 'Wetlands for Disaster Risk Reduction' થીમના આધારે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ભાવનગર શહેરની વિવિધ માધ્યમિક અને પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે **તા. ૦૨ ફેબ્રુઅરી, ૨૦૧૭ને ગુરુવારના રોજ સવારે ૮:૦૦ કલાકથી સાંજના ૬:૦૦ કલાક સુધી વિક્ટોરિયા પાર્ક, ભાવનગર** ખાતે એક દિવસીય પ્રકૃતિ શિક્ષણ શિબિરનું આયોજન કરી **"વિશ્વ જળપ્લાવિત દિવસ"** ની ઉજવણી કરાઈ હતી.

આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓ પ્રકૃતિને વધારે સરળતાથી સમજી શકે તેવો પ્રયાસ કરવામાં આવેલ. જેમાં જળપ્લાવિત વિસ્તારોમાં જોવા મળતા પક્ષીઓની માહિતી, વન્ય ઔષધીઓનો પરિચય, વિવિધ પ્રાણીઓ અને પક્ષીઓની ઓળખ, પક્ષી પરિચય અને ઔષધી પરિચયની પુસ્તિકા વિતરણ જેવી પ્રવૃતિઓ કરવામાં આવી હતી.

આ એક દિવસીય પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં શહેરની વિવિધ શાળાઓના કુલ ૬૦ વિદ્યાર્થી અને શિક્ષકોએ ભાગ લીધો હતો. કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. જે વિગતો કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડની યાદીમાં જણાવેલ છે.

૩/૨/'૧૭

(હર્ષદ જોષી)
ઓફીસ ઇન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.